પ્રો.મોહંમદહુસેન હાજીભાઈ મન્સુરી ફોન : (દુકાન) ૨૫૩૫૦૫૭૬
મો.૯૯૨૪૧ ૫૨૦૮૦ (ઘર) ૨૫૩૯૭૧૭૬
ફેન્સી ડ્રેસ મટીરીયલ્સ અને લગ્નના શૂટ માટે.... બુરખાનું કાપડ મળશે
બજાજ
Bajaj SELECTION સિલેક્શન
દુ.નં.૧૫, સી.પી.કાપડિયા માર્કેટ, કાપડ બજાર, ઢાલગરવાડ, અમદાવાદ-૧

રમઝાન મુબારક
શેખ મુનવ્વરહુસેન આર.
Phone :079-25392573
Resi : 079-25620595
Mo. : 98980 89276
ન્યૂ બેરા સમોસા હાઉસ
સમોસા કબાબના સ્પેશ્યાલિસ્ટ
સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયાની બાજુમાં ઈટાલીયન બેકરીની લાઈનમાં મીશન રોડ, ભદ્ર, અહમદઆબાદ-૧

# ઈન્ટરનેશનલ ટુડે

# ન્યુઝીલેન્ડમાં શક્તિશાળી ભૂકંપ બાદ કટોકટી જાહેર તમામ સેવાઓ ઠપ





(એજન્સી) વેલિંગ્ટન, તા.૪

ન્યૂઝીલેન્ડના કાઈસ્ટચર્ચમાં અનુભવાયેલા શક્તિશાળી ધરતીકંપ બાદ શહેરમાં ઈમરજન્સી જાહેર કરવામાં આવી હતી. ભૂકંપને કારણે ભારે નુકસાન થયું છે. વિજળી, પાણીની સપ્લાય ખોરવાઈ ગઈ છે. ત્યાં જ બીજી બાજુ માર્ગો ક્ષતિગ્રસ્ત થઈ ગયા છે. એક સમાચાર એજન્સીના જણાવ્યા અનુસાર, ભૂકંપનું કેન્દ્ર જમીનની સપાટીથી ફકત ૧૦ કિ.મી.ની ઉંડાઈમાં સ્થિત હતું જેના કારણે મહત્તમ લોકો પ્રભાવિત થયા છે. રિકટર સ્કેલ પર ભૂકંપની તીવ્રતા ૭.૧ માપવામાં આવી હતી. ભૂકંપ વૈશ્વિક સમય અનુસાર લગભગ સવારે ૪.૩૫ કલાકે અનુભવાયો હતો અને તેનું મુખ્ય કેન્દ્ર દક્ષિણ દ્વીપ સમૂહના સૌથી મોટા શહેર ક્રાઈસ્ટચર્ચથી ૩૦ કિ.મી. પશ્ચિમમાં સ્થિત હતું. અધિકારીઓના જણાવ્યા અનુસાર અત્યાર સુધી ધરતીકંપને કારણે બે લોકો ગંભીર રીતે ઘવાયા હોવાના અહેવાલ છે. સવારના સમયે ધરતીકંપ અનુભવાયો હોવાને કારણે વધુ લોકો ભોગ બન્યા નહતા. કેમ કે મોટાભાગના લોકો પોતાના ઘરોમાં ઉંઘી રહ્યા હતા. ક્રાઈસ્ટચર્ચથી ૧૨ કિ.મી.ના અંતરે સ્થિત લિટેલ્ટોન શહેરમાં ભારે નુકસાનના અહેવાલો પ્રાપ્ત થયા હતા પરંતુ સુનામીની ચેતવણી જાહેર કરવામાં આવી નહતી. મુખ્ય ધરતીકંપ બાદ આ એક પછી એક ૧૦ આંચકા અનુભવાયા હતા. આ આંચકાઓની તીવ્રતા ૩.૯થી ૫.૨ વચ્ચે આંકવામાં આવી હતી. ક્રાઈસ્ટચર્ચ શહેર અને સમગ્ર પ્રાંતમાં વિજળી ડૂલ થઈ ગઈ હતી. પ્રાંતના ગ્રામીણ ક્ષેત્રોમાં ૫,૫૦,૦૦૦ કરતાં વધુ લોકો વસે છે. નાગરિક સંરક્ષણ અધિકારીઓના જણાવ્યા અનુસાર ક્રાઈસ્ટચર્ચમાં દરિયા કિનારે વસેલા ઉપનગરોમાં વસતા ૧,૦૦૦ કરતાં પણ વધુ લોકોને સલામત સ્થળે ખસેડવામાં આવ્યા હતા. એવોન નદીનું જળસ્તર વધી જવાને કારણે અન્ય ઉપનગરીય ક્ષેત્રોમાં પણ પાણી ભરાઈ ગયું હતું. શહેરના માર્ગો પર ઘણાં મીટરો સુધી તીરાડો પડી જવાને કારણે બસ સેવાઓને સ્થગિત કરી દેવામાં આવી હતી. દક્ષિણ દ્વીપ સમૂહમાં રેલ્વે પરિવહનને અટકાવી દેવામાં આવ્યું હતું. જ્યારે બીજી બાજુ ક્રાઈસ્ટચર્ચ આંતરરાષ્ટ્રીય વિમાન મથકેથી વિમાનોના ઉડ્ડયનને પણ અટકાવી દેવામાં આવ્યું હતું.

## ન્યુઝીલેન્ડમાં વિમાન દુર્ઘટનામાં ૯નાં મોત

**વેલિંગ્ટન : ન્યુઝીલેન્ડના દક્ષિણી ટાપુના ફોકસ ગ્લેસિયરમાં એક વિમાન શનિવારે દુર્ઘટનાગ્રસ્ત થઈ ગયું હતું આ દુર્ઘટનામાં નવ લોકોના મોત થયા હતા. એજન્સીના જણાવ્યા અનુસાર વિમાન એક સ્થાનિક કંપનીનું હતું. ઉડાન ભરવાના થોડા જ સમય બાદ તેમાં આગ લાગી ગઈ હતી. અધિકારીઓએ જણાવ્યું હતું કે, સ્થાનિક સમય અનુસાર બપોરે ૧.૩૦ કલાકે આ દુર્ઘટના બની હતી.**

## પાક.માં પૂરને કારણે ભારત સાથેના સંબંધોમાં નવો વળાંક આવ્યો : રાજમોહન

### ગાંધીજીના પૌત્ર રાજમોહન ગાંધીનું સંયુકતરાષ્ટ્રના મુખ્ય મથકમાં સંબોધન



(એજન્સી) સંયુકત, તા.૪

પાકિસ્તાનમાં આવેલા ભીષણ પૂરને કારણે નવી દિલ્હી અને ઈસ્લામાબાદને પોતાના રાજકીય સંબંધોમાં સુધારો તથા શાંતિ પ્રક્રિયાને આગળ વધારવાની તક મળી છે. મહાત્મા ગાંધીના પૌત્ર રાજમોહન ગાંધીએ ઉપરોકત ટિપ્પણી કરતાં જણાવ્યું હતું કે, પૂરને કારણે બન્ને દેશોના સંબંધોમાં નવો વળાંક આવ્યો છે. સંયુકતરાષ્ટ્રના મુખ્ય મથકમાં પોતાના સંબોધનમાં ગાંધીએ સરકારો, મીડિયા અને બન્ને દેશોના નાગરિકોને આ કુદરતી આપત્તિ દરમ્યાન પોતાના જૂની કડવાશ ભૂલાવી દેવાનો આગ્રહ કર્યો હતો. આ સમારંભમાં સંયુકતરાષ્ટ્રમાં પાકિસ્તાનમાં રાજદૂત અબ્દુલ્લાહ હુસેન હારૂને પણ ભાગ લીધો હતો. ઈલિનોઈસ યુનિવર્સિટીમાં ઈતિહાસના પ્રોફેસર ગાંધીએ જણાવ્યું હતું કે, સંકટના સમયમાં લોકોને લાગે છે કે તેઓ એકબીજાથી અલગ નથી. આ તકનો આપણે લાભ લેવો જોઈએ. તેમને પૂછવામાં આવ્યું કે, પૂરગ્રસ્તોની મદદ માટે ભારતે આપેલી સહાયને કારણે અંતે દેશોની સંબંધોમાં ફેર પડશે કે ફકત સદ્‌ભાવના તરીકે જોવામાં આવશે તેના જવાબમાં તેમણે જણાવ્યું હતું કે, આ તમામ પાસા રાજનેતાઓ મીડિયા અને લોકો પર નિર્ભર રાખે છે. પાકિસ્તાનમાં હાલ ભીષણ પૂરને કારણે ૨૦૦૦થી વધુ લોકો માર્યા ગયા અને બે કરોડથી વધારે લોકોને અસર થઈ છે. ખેતી તથા માળખાગત સુવિધાઓ સંપૂર્ણપણે ખોરવાઈ છે.

## ઈરાન માનવ અધિકાર કાર્યકરને મુકત કરવા પેલોસીની અપીલ



(એજન્સી) વોશિંગ્ટન, તા.૪

અમેરિકાની પ્રતિનિધિસભાના સ્પીકર નેન્સી પેલોસીએ તેહરાનને એક ઈરાની માનવ અધિકાર કાર્યકરને મુકત કરવા અપીલ કરી છે. શિવા નજર અહારી નામના કાર્યકર વિરૂધ્ધ સુનાવણી થશે જેમાં તેને મોતની સજા પણ આપી શકાય. અહારી બાળ મજૂરોના ઉત્થાન તથા રાજકીય બંદીઓના પક્ષમાં કામ કરે છે. તેના પર જુઠ્ઠું બોલવા, રાષ્ટ્રીય સુરક્ષા વિરૂધ્ધ કામ કરવું અને સરકાર વિરૂધ્ધ દુષ્પ્રચાર કરવાનો આરોપ છે. હાલમાં કમિટી ઓફ હ્યુમન રાઈટ્સ સ્પોર્ટર્સની પ્રવકતા ૨૬ વર્ષીય અહારી એક સામયિકના ભૂતપૂર્વ તંત્રી હતા. પેલોસીએ એક નિવેદનમાં જણાવ્યું હતું કે, અહારી એક હિંમતવાન સામાજિક કાર્યકર છે. ઈરાન વહીવટીતંત્ર દ્વારા તેને પકડવું અને પાયા વિનાના આરોપો અંતર્ગત સુનાવણી આંતરરાષ્ટ્રીય માનવ અધિકાર માપદંડોનું ઉલ્લંઘન છે. વૈશ્વિક નેતાઓને આ સ્પષ્ટ સંદેશ મોકલવો જોઈએ કે તેમને તાત્કાલિક તથા વિના શરતે જેલમાંથી મુકત કરવામાં આવે.

## અમેરિકામાં પણ હવે રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટીનું એકમ સ્થપાયું

(એજન્સી) ન્યૂયોર્ક, તા.૪

રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટી (રાકાપા)એ પોતાના એકમ 'એનસીપી નોર્થ અમેરિકા ઈન્ક'ની શરૂઆત કરી છે. આ પ્રસંગે ભારતના સિવિલ એવિએશનના પ્રધાન તથા રાકાપા નેતા પ્રફુલ્લ પટેલે જણાવ્યું હતું કે, તેમની પાર્ટી માત્ર ૧૧ વર્ષ જૂની છે પરંતુ અમેરિકામાં તેની હાજરી એક માઈલસ્ટોન જેવી છે. પાર્ટીના એકમની શરૂઆત બાદ પટેલે શુક્રવારે ન્યૂયોર્કમાં પત્રકારોને જણાવ્યું હતું કે, તમામ શરૂઆત નાના-નાના પગલાથી જ થાય છે. પરંતુ ભવિષ્યમાં તે મોટું રૂપ ધારણ કરે છે. તેઓએ જણાવ્યું હતું કે, અમે અમેરિકામાં પ્રવાસી ભારતીયોનો આધાર મજબૂત બનાવવાની દિશામાં કામ કરીશું. પટેલે ભારતથી આવેલા તે નવ સભ્ય ધરાવતા પ્રતિનિધિ મંડળમાં છે. જેમાં કૃષિ પ્રધાન તથા રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટી પ્રમુખ શરદ પવાર પણ સામેલ છે. પટેલ અને પવાર બન્નેએ પ્રવાસી ભારતીયોના વીઝા નિયમોમાં તાજેતરમાં જ કરાયેલા પરિવર્તન સંબંધિત એક ફરિયાદ સહિત અન્ય ફરિયાદોના સમાધાન માટે પોતાની પ્રતિબદ્ધતા વ્યકત કરી હતી. પટેલે જણાવ્યું હતું કે, અમે આ મુદ્દે ચર્ચા કરીશું. ભારતીય અમેરિકનોએ જણાવ્યું હતું કે, ભારત સરકારની વીઝા નીતિ 'ભેદભાવપૂર્ણ' છે. કારણ કે વિદેશોમાં તેમની હાજરીનો પ્રત્યક્ષ વિદેશી રોકાણ તથા મોકલવામાં આવતી મોટી રકમના માધ્યમથી ભારતના વિકાસમાં મોટું યોગદાન હોય છે. અમેરિકામાં રાકોપાના મહાસચિવ લાલ ડેડલેને જણાવ્યું હતું કે, અમેરિકામાં પાર્ટીનું એકમ એક રાજકીય સંગઠન નથી પરંતુ અમેરિકામાં રહી રહેલા ભારતીયોની ચિંતાઓના સમાધાનનું એક ફોરમ છે.

## હોંગકોંગમાં શીખ યુવકની હત્યા : વંશીય હુમલાની આશંકા

(એજન્સી) ગુરદાસપુર, તા.૪

હોંગકોંગના મન સંદપાલા ગામમાં શુક્રવારે ૨૫ વર્ષીય શીખ યુવક જતિન્દરસિંઘનો હત્યા કરેલ મૃતદેહ મળી આવ્યો હતો. તેના પિતા દલજીતસિંઘે આરોપ લગાવ્યો છે કે ૨૪ ઓગસ્ટના વંશીય હુમલામાં તેમના એકના એક પુત્રની હત્યા કરવામાં આવી છે. જતિન્દર પાંચ વર્ષ અગાઉ હોંગકોંગ ગયો હતો. તે આ મહિને પોતાના લગ્ન માટે ભારત આવવાનો હતો. તેના કુટુંબીજનોને તેના સાથી પ્રજાદયાલસિંઘ પાસેથી મોતના સમાચાર મળ્યા હતા. જતિન્દરનો મૃતદેહ રેલવે ટ્રેક પાસે મળી આવ્યો હતો. જો કે હોંગકોંગ પોલીસની તપાસમાં આત્મહત્યા કરી હોવાનું બહાર આવ્યું છે તેમ પ્રજાદયાલે જણાવ્યું હતું.

## ઓબામા અફઘાન મુદ્દે ચર્ચા કરવા નાટો પ્રમુખ સાથે મુલાકાત કરશે

(એજન્સી) વોશિંગ્ટન, તા.૪

અમેરિકન રાષ્ટ્રપતિ બરાક ઓબામા નાટોના મહાસચિવ ફગ રાસમુએન સાથે ૭ સપ્ટેમ્બરે મુલાકાત કરશે. અમેરિકન રાષ્ટ્રપતિ કાર્યાલય વ્હાઈટ હાઉસ તરફથી જાહેર નિવેદનમાં જણાવવામાં આવ્યું હતું કે, ઓબામા નાટો પ્રમુખ સાથે અફઘાનિસ્તાનના મુદ્દે ચર્ચા કરશે. વ્હાઈટ હાઉસ તરફથી જણાવવામાં આવ્યું હતું કે, અમારા વૈશ્વિક એજન્ડા વિશે રાષ્ટ્રપતિની સહયોગી દેશો સાથે ચાલી રહેલા પરામર્શના તબક્કાની આગામી કડી તરીકે આ બેઠક બન્ને નેતાઓ વચ્ચે યોજાશે. જ્યાં યુરોપ અને તેની બહાર પણ બન્ને દેશોના સંયુકત હિતોના મુદ્દે ચર્ચા કરવામાં આવશે. જેમાં આંતરરાષ્ટ્રીય સંરક્ષણ સહયોગના મુદ્દે અફઘાનિસ્તાનમાં ચાલી રહેલા સુરક્ષા અભિયાનનો મુદ્દો પણ સામેલ છે. નિવેદનમાં જણાવવામાં આવ્યું હતું કે, ઓબામા અને નાટો મહાસચિવ નવેમ્બર મહિનામાં લિસ્બન ખાતે યોજાનાર નાટોના સંમેલનના મુદ્દે પણ પરસ્પર ચર્ચા કરશે. જેમાં ૨૧મી સદીમાં સુરક્ષા પડકારોના મુદ્દે નાટોની ક્ષમતાના સંદર્ભમાં પણ ચર્ચા કરવામાં આવશે.

## રોનક રમઝાનની



**દમાસ્કસ ખાતે પેલેસ્ટેનિયન રાહત શિબિરમાં અલ-કુદસ દિવસ અથવા 'જેરૂસલેમ દિવસ' નિમિત્તે યોજાયેલી રેલી દરમ્યાન હિઝબુલ્લાહ સંગઠનના પીળા ધ્વજ સાથે એક બાળકને એક વ્યક્તિ તેના ખભા પર ઉંચકીને લઈ જઈ રહેલી જણાઈ રહી છે.**



**કેરોની અલ અઝહર મસ્જિદમાં નમાઝ અદા કરવા માટે મુસ્લિમ બિરાદરો ઉમટી પડયા હતા.**



**રામલ્લા ખાતે જેરૂશલેમ અને વેસ્ટ બેંક સિટીના કાલાન્દીયા ચેકપોઈન્ટ વચ્ચે પેલેસ્ટેનિયન મુસ્લિમો નમાઝ અદા કરતા જણાઈ રહ્યાં છે.**




**હૈદરાબાદ ખાતે યોજાયેલ દેખાવો દરમ્યાન એક બાળક ઈઝરાયલ વિરોધી પ્લેકાર્ડ સાથે જણાઈ રહ્યું છે.**



**રમઝાનના છેલ્લા અશરામાં લોકો ઈદની તૈયારીમાં લાગી ગયા છે. ત્યારે પેલેસ્ટેનિયન પરિવાર ઈદ માટે પરંપરાગત ખજૂરની વાનગી બનાવતું જણાઈ રહ્યું છે.**



**નવી દિલ્હી ખાતે જામા મસ્જિદની બહાર જુમ્માની નમાઝ અદા કરવા માટે એકત્રિત થયેલા બાળકો વાતોમાં મશગુલ નજરે પડે છે.**

## વર્લ્ડ ટુડે



**રમઝાન માસને પૂર્ણ થવામાં હવે ગણતરીના દિવસો બાકી રહ્યા છે. ત્યારે પવિત્ર મહિનાની અંતિમ જુમ્માની નમાઝ દરમ્યાન ઈસ્લામમાં ત્રીજી પવિત્ર મસ્જિદ ગણવામાં આવતી અલ-અકશા મસ્જિદની બહાર ઈઝરાયલની સઘન સુરક્ષા વ્યવસ્થા વચ્ચે પેલેસ્ટેનિયન મહિલા પોતાના રાષ્ટ્રીય ધ્વજને હવામાં લહેરાવતી દશ્યમાન થાય છે.**

### ચીનમાં માર્ગ અકસ્માતોમાં ૨૭ મોત

**બેઈજિંગ :** ચીનના ઉત્તરી ભાગમાં શુક્રવારે થયેલા બે માર્ગ અકસ્માતોમાં ઓછામાં ઓછા ૨૭ લોકોના મોત થયાહતા. તેમજ ૩૬ ઘવાયા હતા. એજન્સીના જણાવ્યા અનુસાર આ દુર્ઘટના જિલિન પ્રાન્તની રાજધાની ચેંગચૂન નજીક એકસપ્રેસવે પર શુક્રવારે બપોર એક ટ્રક તથા બસ વચ્ચે ટક્કર વાગી હતી જેમાં ૧૭ લોકો માર્યા ગયા હતા. તેમજ ૩૫ ઘવાયા હતા એક અન્ય દુર્ઘટના હેલોંગઝિયાંગ પ્રાન્તના ઝિયામુસી શહેરમાં બની હતી. અહીં એક ટ્રક તથા મિનિબસ વચ્ચે અથડામણ થઈ હતી એક સરકારી પ્રવકતાએ જણાવ્યું હતું કે, કે આ અકસ્માતમાં દસ લોકોના મોત થયા હતા.

### ગ્રાઉન્ડ ઝીરો પર મસ્જિદ નિર્માણ માટે હમાસે નાણા આપ્યાનો આરોપ

**ન્યૂયોર્ક :** વર્લ્ડ ટ્રેડ સેન્ટર નજીક પ્રસ્તાવિત મસ્જિદ તથા એક ઈસ્લામિક સામુદાયિક ભવનના નિર્માણ માટે રકમ એકત્રિત કરનારાઓ પૈકી એકનો સંબંધ પ્રતિબંધિત ત્રાસવાદી સંગઠન હમાસ સાથે હોવાનું સમર્થન થયું છે. આ વ્યક્તિએ પેલેસ્ટેનિયન પ્રત્યે સહાનુભૂતિ દર્શાવતા એક એવી સંસ્થાને દાન આપ્યું હતું જેને બાદમાં હમાસ સાથે સંબંધ હોવાને કારણે બંધ કરી દેવામાં આવી હતી.

આ વ્યક્તિ લોન્ગ આઈલેન્ડમાં એક મેડિકલ ક્લિનીક ચલાવે છે આ પ્રોજેકટનું નેતૃત્વ કરી રહેલા ડેવલપરે આ વાતનું સમર્થન કર્યું હતું કે ૫૧ વર્ષીય હિશામ એલજેન્ટે એક રિયલ સ્ટેટ ગ્રુપના સભ્ય છે જેણે ગત વર્ષે મસ્જિદ અને ઈસ્લામિક સમુદાયિક ભવનના નિર્માણ માટે ૪૦ લાખ ૮૦ હજાર ડોલર આપ્યા હતા.

### પાક.માં ત્રાસવાદી હુમલાની અમેરિકાએ ટીકા કરી

**વોશિંગ્ટન :** પાકિસ્તાનના કવેટા અને પેશાવર શહેરોમાં થયેલા ત્રાસવાદી હુમલાની અમેરિકાએ જોરદાર ટીકા કરી છે. આ હુમલાઓમાં ૬૫ લોકો મોતને ભેટયા હતા જયારે ૨૦૦થી વધારે લોકો ઘવાયા હતા વ્હાઈટ હાઉસના મીડિયા સચિવ રોબર્ટ ગિબ્સે એક નિવેદનમાં જણાવ્યું હતું કે, વરસાદને કારણે આવેલા ભયાનક પૂરની અસરમાંથી બહાર લાવવાના પ્રયાસો દરમ્યાન પવિત્ર રમઝાન માસમાં નિર્દોષ નાગરિકોને નિશાન બનાવવું નિંદાને પાત્ર છે. તેમણે જણાવ્યું કે બન્ને દેશો વચ્ચે ભાગીદારીને મજબૂત બનાવવા માટે અમેરિકા સરકાર સતત પ્રયત્નશીલ છે અને પાકિસ્તાન સાથે મળીને પુનઃ નિર્માણના પ્રયાસોમાં સહયોગ તથા સહાયતા કરી રહ્યું છે.

## + હેલ્થ ટિપ્સ ટુડે +

### અસરકારક ઘરેલુ ઉપચાર

- સાંધાના દુઃખાવામાં એક ગ્લાસ પાણીમાં લીંબુ નીચોવીને દિવસમાં ૮થી ૧૦ વાર પીવો.
- સાંધા પર લીમડાના તેલની હલકી માલિસ કરવા પર આરામ મળે છે.
- દૂધીનો ગુદો તળિયા પર મસળવાથી તેની બળતરા શાંત થાય છે.
- શરીરના કોઈપણ ભાગ કે હાથ-પગમાં બળતરા થતાં તરબુચના છાલટાના સફેદ ભાગમાં કપૂર અને ચંદન ભેળવીને લેપ કરવાથી બળતરા શાંત થાય છે.
- અળઈઓમાં સરસિયાના તેલમાં પ્રમાણસર પાણી મિકસ કરી ફેંટી લો અને અળઈયો પર લગાવો, શીધ્ર આરામ મળશે.
- માથાનો દુઃખાવો થતાં કૂણા પાણીમાં આદુ અને લીંબુનો રસ અને થોડું મીઠું નાખીને પીવાથી આરામ મળે છે.
- બાળકોની ખાંસી ઠીક ન થાય તો વાંસનો એક ટુકડો સળગાવીને ભસ્મને મધ સાથે મિકસ કરીને ત્રણ-ચારવાર ચટાડવાથી બાળકોની ખાંસી ૩-૪ દિવસમાં સારી થઈ જાય છે.